ગાંધીનગર સમાચાર

**ખ-માર્ગને સિકસલેન બનાવવાનુ કામ નવેમ્બર મહીના સુધીમાં પૂર્ણ કરાશે**

# ખ-માર્ગને સિકસલેન બનાવવાનુ કામ નવેમ્બર મહીના સુધીમાં પૂર્ણ કરાશે

### તંત્ર દ્વારા ૧૮ નોટીસ અપાયા બાદ એજન્સી દ્વારા લાંબા સમયના અંતે કામ શરૂ કરાયુ

ગાંધીનગર તા ૧

શહેરમાં ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી અટવાતા તંત્ર દ્વારા જવાબદાર એજન્સીને અત્યારસુધી ૧૮ જેટલી નોટીસ આપવામાં આવી છે. જયારે તંત્ર દ્વારા આખરે એજન્સીને બ્લેક લીસ્ટ કરવાની ચિમકી અપાયા બાદ હાલ ખ માર્ગનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. ખ માર્ગને સિકસલેન કરવાની કામગીરી નવેમ્બર મહીના સુધીમાં પુર્ણ કરી દેવાશે.

શહેરના ખ માર્ગને સિકસલેન બનાવવાનો નિર્ણય લેવાયા બાદ વિભાગ દ્વારા તુરંત જ આ કામને મંજુરી આપવામાં આવી હતી. જયારે ખ માર્ગના વાઈડનીંગ માટે ટેન્ડર પ્રક્રીયાના અંતે એજન્સીને કામ સોંપવામાં આવ્યુ હતુ. પરંતુ કામની શરૂઆત બાદ થોડા જ સમયમાં ખ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી અટવાઈ પડી હતી. જયારે તંત્ર દ્વારા એજન્સીને જાણ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નવરાતના પ્રારંભે જ વરસાદના છાંટણા

ગાંધીનગર તા ૧

નવરાતના મંગલ અવસરના પ્રારંભે જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આજે સવારથી જ વાતાવરણમાં ઠંડક પ્રસરેલી અનુભવાઇ હતી. જયારે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહેતા ગમે ત્યારે વરસાદ ખાબકશે તેવા એંધાણ વર્તાયા હતા. જો કે બપોર બાદ અચાનક ઉઘાડ નિકળ્યો હતો. દિવસ દરમિયાન તડકી છાંયડીના માહોલ વચ્ચે વાદળિયુ વાતાવરણ યથાવત રહયુ હતુ.સવારે છાંટણા પણ થયા હતા. જો કે વાતાવરણ પલ્ટાથી ગરબાના આયોજકાના જીવ અધ્ધરતાલ થઈ ગયા હતા.

શહેરમાં નવરાતના પ્રારંભે જ આજે સવારથી જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળતા ગરબા પ્રેમીઓમાં ચિંતાના વાદળો ઘેરાયા હતા. સવારથી વાતાવરણમાં અનોખી ઠંડક પ્રસરી હતી. આકાશમાં વાદળો ગોરંભાતા ગમે ત્યારે વરસાદ ખાબકે તેવી શકયતા પ્રબળ બની હતી. જો કે સવારે વરસાદી છાંટણા પણ થયા હતા. જયારે દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ યથાવત રહયુ હતુ.

નવરાતના પ્રારંભે જ આકાશમાં વરસાદી વાદળો ઘેરાતા ગરબા મહોત્સવના આયોજકો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. વાદળિયા વાતાવરણ બાદ બપોર બાદ અચાનક જ ઉઘાડ નિકળ્યો હતો. જો કે ત્યારબાદ તડકી છાયડીના માહોલ વચ્ચે વાદળિયુ વાતાવરણ યથાવત રહયુ હતુ. શેરી ગરબાની તૈયારીમાં વ્યસ્ત આયોજકો પણ મુંઝવણમાં મુકાયા હતા. વરસાદી વાતાવરણને અનુલક્ષી ગરબાના આયોજકોએ જરૂરી પુર્વ તૈયારીઓ શરૂ કરી દિધી હતી.

# શહેરમાં રખડતા ઢોરની સમસ્યાને ડામવા એનિમલ હોસ્ટેલ શરૂ કરવા માંગ

ગાંધીનગર તા ૧

શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો છે. નજર નાંખો ત્યાં રખડતા ઢોર આમ નાગરિકો માટે શિરદર્દ સમાન બન્યા છે. જયારે રખડતા ઢોરના લીધે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. સેકટરોમાં રખડતા ઢોરના લીધે જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે.શહેરમાં રખડતા ઢોરની સમસ્યાને ડામવા માટે એનિમલ હોસ્ટેલ શરૂ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેર જાગૃત નાગરિક પરિષદના નિરંજન ઓઝાએ આ અંગે રજુઆતમાં જણાંવ્યા અનુસાર હાઈટેક બનતા ગાંધીનગરમાં રખડતા ઢોરનો પ્રશ્ન વિકરાળ બન્યો

● અનુસંધાન પાન-૭ પર



















## ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

'વિદ્યાયન', સેક્ટર-૧૦એ, ગાંધીનગર

**ઝેરોક્ષિંગ અંગેની વાર્ષિક કામગીરીના કોન્ટ્રાક્ટ બાબતની ટેન્ડર નોટીસ-૨૦૧૬/૧૭**

કચેરી દ્વારા વર્ષ : ૨૦૧૬-૧૭ની નકલદીઠ ઝેરોક્ષિંગ અંગેની વાર્ષિક કામગીરીનો કોન્ટ્રાક્ટ કરવાનો હોવાથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી નીચે જણાવેલ વિગતેથી રૂ.૧૦૦/- (નોન રીફંડેબલ) રકમ જમા કરાવી ટેન્ડર ફોર્મ કચેરી ખાતેથી મેળવી સીલબંધ કવરમાં રજૂ કરવા જણાવવામાં આવે છે. કવર ઉપર 'ઝેરોક્ષ કામગીરીનું ટેન્ડર' દર્શાવવા જણાવવામાં આવે છે.

| અ.નં. | વિગત | સમયગાળો |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફોર્મ વેચાણ શરૂ કરવાની તારીખ | તા. ૩/૧૦/૧૬<br>સમય ૧૧.૦૦ AM |
| ૨. | ટેન્ડર ફોર્મ વેચાણ બંધ કરવાની છેલ્લી તારીખ | ૧૫/૧૦/૧૬<br>સમય ૫.૦૦ PM |
| ૩. | ડોક્યુમેન્ટ બીડના કવર રજૂ કરવાની છેલ્લી તારીખ | તા. ૧૮/૧૦/૧૬<br>સમય ૧૨.૩૦ AM |

માહિતી/૧૬૬૭/૧૬-૧૭ નિયામક





















Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com